# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બેલ્જિયમના પ્રધાનમંત્રી વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષિય વાટાઘાટો.
2. નાણામંત્રી નિર્મલા સીતારમણે ન્યૂયોર્કમાં એક ઉચ્ચ સ્તરીય વ્યાપાર ગોળમેજી પરિષદમાં ભારતની વિકાસયાત્રા રજૂ કરી.
3. શાળા શિક્ષણ સુધારણા અંગેની ચર્ચા માટે  કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીની સચિવ સાથે બેઠક.
4. અમેરિકામાં જન્મજાત નાગરિકતાને મર્યાદિત કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રયાસ પર ફેડરલ અદાલતે પ્રતિબંધ લાદ્યો.
5. બેડમિન્ટનમાં, ભારતીય શટલર કિદામ્બી શ્રીકાંતે શેઝેનમાં ચાઇના માસ્ટર્સ સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટના સિંગલ્સના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.
6. ગુજરાતી સંગીતના ટોચના સંગીતકાર ગૌરાંગ વ્યાસના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શોક વ્યક્ત કર્યો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MODI–BELGIAN PM TALKS – 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બેલ્જિયમના તેમના સમકક્ષ બાર્ટ ડી વેવરને સાથે હૈદરાબાદ હાઉસ ખાતે મુલાકાત કરી , બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો.

આ અગાઉ બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી વેવરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજઘાટની મુલાકાત લઈ મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી ડી. વેવર બેલ્જિયમના સંરક્ષણ મંત્રી થિયો ફ્રેન્કેન સાથે ભારતના ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસે છે . ફેબ્રુઆરી 2025 માં પદ સંભાળ્યા પછી શ્રી ડી. વેવર નો આ પહેલો ભારત પ્રવાસ છે.

વિદેશ મંત્રાલય અનુસાર, તેમની મુલાકાતનો હેતુ ભારત અને બેલ્જિયમ વચ્ચે ગાઢ અને બહુપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. બંને પક્ષો વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, ટેકનોલોજી, નવીનીકરણીય ઉર્જા, કનેક્ટિવિટી અને લોકો વચ્ચેના સંબંધ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ચર્ચા કરશે.

# PM MODI–BELGIAN PM TALKS – 2

તેઓ ભારત-યુરોપિયન સંઘ EU મુક્ત વેપાર કરારના સંદર્ભમાં ભારતીય ઉદ્યોગ સંઘના વ્યાપાર કાર્યક્રમમાં ભાગ લેશે ત્યારબાદ તેઓ મુંબઈમાં હીરા, બંદર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રોમાં હિસ્સેદારો સાથે વાતચીત કરશે.

# RAJNATH - BELGIUM DEF MIN

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત અને બેલ્જિયમ પરસ્પર ગાઢ અને સંબંધો ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો શાસન-આધારિત વૈશ્વિક વ્યવસ્થા માટે પ્રતિબદ્ધ છે. સંરક્ષણમંત્રીએ નવી દિલ્હીમાં બેલ્જિયમના સંરક્ષણ મંત્રી થિયો ફ્રેન્કેન સાથે પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો દરમિયાન આ નિવેદન આપ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે વિશ્વ હાલમાં તેની સૌથી મોટી ભૂ-રાજકીય અને આર્થિક ઉથલપાથલનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં , બેલ્જિયમ જેવા મહત્વપૂર્ણ ભાગીદારો પરામર્શ માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડે છે.

(BYTE: RAJNATH SINGH)

બેલ્જિયમના સંરક્ષણ પ્રધાન થિયો ફ્રેન્કેનએ ભારતને વિશાળ વસ્તી અને ઉચ્ચ ટેકનોલોજી ધરાવતો દેશ ગણાવ્યો. તેમણે ભવિષ્યના પ્રોજેક્ટ્સ પર બેલ્જિયમ સાથે સહયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને બંને દેશો વચ્ચેની મિત્રતાને વધુ મજબૂત બનાવવા વિશે પણ વાત કરી હતી.

# SITHARAMAN-INDIA-REFORM

નાણામંત્રી નિર્મલા સીતારમણે ન્યૂયોર્કમાં એક ઉચ્ચ સ્તરીય વ્યાપાર ગોળમેજી પરિષદમાં રોકાણકારો સમક્ષ 2026-27 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશની 7.8 ટકાની આર્થિક વૃદ્ધિ અને રોકાણના વાતાવરણમાં સુધારા સહિતની ભારતની વિકાસયાત્રા રજૂ કરી.. બેંક ઓફ અમેરિકાના સહયોગથી ભારતના કોન્સ્યુલેટ જનરલ દ્વારા આયોજિત ગોળમેજી પરિષદને સંબોધતા, શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે વૈશ્વિક અવરોધો અને પડકારો છતાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહી છે,

નાણામંત્રીએ એમ પણ કહ્યું હતું કે સરકારે મૂડી સંપત્તિ સર્જન અને માળખાગત વિકાસ દ્વારા ઉડ્ડયન સહિતના ઉદ્યોગને વધુ સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

# PRAHLAD JOSHI MEETING

શાળા શિક્ષણ સુધારણા અંગેની ચર્ચા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ નવી દિલ્હીમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવ સાથે બેઠક યોજી હતી,. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી જોશીએ જણાવ્યું હતું કે , શિક્ષણના પાયાને મજબૂત કરવા , વર્ગખંડોમાં નવીનતાને પ્રોત્સાહન આપવા અને શિક્ષણ પ્રણાલી યુવા અને ગતિશીલ ભારતની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા જેવા મુદ્દાઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.કેન્દ્રીય મંત્રીએ આગામી પરીક્ષાઓની તૈયારીની સમીક્ષા કરવા માટે ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ સાથે પણ બેઠક યોજી હતી.

# TEXTILES- MOU PARIS

ભારત અને ફ્રાન્સે કાપડ અને ફેશન ક્ષેત્રોમાં સહયોગ મજબૂત કરવા માટે પેરિસમાં કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારનો હેતુ વૈશ્વિક બજારોમાં ભારતીય કાપડ અને કૌશલ્યને પ્રોત્સાહન આપવાનો છે. ઇન્ડિયા ટેક્સ ટ્રેડ ફેડરેશન અને પ્રીમિયર વિઝન સોસાયટી એનોનિમે કાપડ મંત્રાલયના સચિવ નીલમ શમી રાવની ઉપસ્થિતિમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

એક સોશિયલ મીડિયા સંદેશમાં , કાપડ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર પ્રદર્શનો, બજાર એક્સેસ અને જ્ઞાન વહેંચણી સંબંધિત મુદ્દાઓ પર સહયોગને મજબૂત બનાવશે. રાષ્ટ્રીય હાથવણાટ વિકાસ નિગમે પ્રીમિયર વિઝન સાથે પણ એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# US-BIRTH-CITIZENSHIP

અમેરિકામાં જન્મજાત નાગરિકતાને મર્યાદિત કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના તાજેતરના પ્રયાસ પર ફેડરલ અદાલતે પ્રતિબંધ લાદી દીધો છે. ઇમિગ્રન્ટ અધિકારોના હિમાયતીઓએ દલીલ કરી હતી કે નવો આદેશ બંધારણનું ઉલ્લંઘન કરે છે, ત્યારબાદ ન્યાયાધીશ ડેબોરાહ બોર્ડમેને આ કામચલાઉ રાહત આપી હતી.

અમેરિકાની સર્વોચ્ચ અદાલતે 30 જૂને ચુકાદો આપ્યો હતો. જેમાં જણાવાયું હતું કે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો 2025નો કાર્યકારી આદેશ બંધારણના 14મા સુધારાનું ઉલ્લંઘન કરે છે . બાદમાં રાષ્ટ્રપ્રમુખે 6 ઓગસ્ટે સુધારેલા આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.

# RUBIO-UKRAINE-RUSSIA

રશિયામાં યુક્રેનિયન હુમલાઓ અને પશ્ચિમી પ્રતિબંધોની રશિયન અર્થતંત્ર પર અસર થઇ રહી હોવાનું યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું છે.. તેમણે ઉમેર્યું હતું કે વોશિંગ્ટન અને કિવ યુક્રેનને અત્યાધુનિક મિસાઇલ-સંરક્ષણ પ્રણાલીઓ બનાવવામાં મદદ કરી શકે તે અંગેની વાટાઘાટો થઇ રહી છે. રૂબિયોનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રશિયા દ્વારા ઈરાનને સમર્થન આપવામાં આવી રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

જોકે તેમણે ઉલ્લેખ કર્યો હતો કે યુક્રેનને સંરક્ષણ સહાય કરતાં પહેલા અમેરિકા પોતાની સંરક્ષણ જરૂરિયાતોને ચકાસશે.

# ED SEARCHES – KOLKATTA

કોલકાતામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ  દ્વારા કોહિનૂર પાવર પ્રાઇવેટ લિમિટેડ સાથે સંકળાયેલા 290 કરોડ રૂપિયાના બેંક છેતરપિંડી કેસ સંદર્ભે 11 પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ , કંપનીએ ઝારખંડમાં 66 મેગાવોટ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે બેંકો પાસેથી લોન લીધી હતી.    કંપની પર એવો આરોપ છે કે લોનની રકમ વ્યક્તિગત લાભ માટે જૂથની અન્ય સંસ્થાઓના ઉપયોગમાં લેવાઇ હતી. હાલમાં  ગ્રુપ પ્રમોટર્સ અને અન્ય ડિરેક્ટરના પરિસર તેમજ ઓડિટર્સ અને અન્ય સંબંધિત વ્યક્તિઓના કાર્યાલયો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# SPO-BADMINTON

બેડમિન્ટનમાં, અનુભવી ભારતીય શટલર કિદામ્બી શ્રીકાંતે આજે શેઝેનમાં ચાઇના માસ્ટર્સ સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટના પુરુષોના સિંગલ્સના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને વિશ્વના નંબર 9 કેનેડાના વિક્ટર લાઇને સીધી રમતોમાં હરાવ્યો.

હવે શ્રીકાંત તેની આગામી મેચમાં હોંગકોંગના લી ચેઉક યિયુનો સામનો કરશે.

દરમિયાન, મહિલા સિંગલ્સમાં, તન્વી શર્મા સંઘર્ષપૂર્ણ મેચના બીજા રાઉન્ડમાં જાપાનની તોમોકા મિયાઝાકી સામે 17-21, 21-18, 16-21 થી હારી ગઈ.

# PM GAURANG VYAS

પ્રખ્યાત ગુજરાતી સંગીતકાર ગૌરાંગ વ્યાસના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી મોદીએ કહ્યું કે તેમણે તેમના પિતા અવિનાશ વ્યાસની સમૃદ્ધ સંગીત પરંપરાને આગળ ધપાવીને ગુજરાતી સંગીતના ક્ષેત્રમાં અનોખું સ્થાન બનાવ્યું છે. શ્રી મોદીએ ઉમેર્યું કે ગૌરાંગ વ્યાસના નિધનથી ગુજરાત એક પ્રતિભાશાળી સર્જકની ખોટ અનુભવે છે. ગુજરાતી સંગીત ક્ષેત્રમાં તેમનું અમૂલ્ય યોગદાન હંમેશા યાદ રહેશે તેમ પણ તેમણે કહ્યું હતું.

આ સાથે જ ગૃહ મંત્રી અમિત શાહે પણ સોશિયલ મીડિયા સંદેશ મારફતે શોક વ્યક્ત કરતાં કહ્યું કે, ગૌરાંગ વ્યાસજીનું નિધન ગુજરાતી સંગીત જગત માટે ક્યારેય પૂરાય નહીં તેવી ખોટ છે. 'દીકરી તો પારકી થાપણ' જેવી તેમની અમર રચનાઓમાં તેમની સ્મૃતિઓ સદૈવ જીવંત રહેશે.

# STOCK

ભારતીય શેર બજારમાં આજે તેજી જોવા મળી હતી . છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે સેન્સેક્સમાં 100 થી વધુ અને નિફ્ટીમાં 10 થી વધુ પોઈન્ટનો વધારો નોંધાયો હતો. ક્ષેત્રીય મોરચે રિયલ એસ્ટેટ , જાહેર ક્ષેત્રની બેન્કના શેરના ભાવમાં તેજી જોવા મળી હતી.

# KERALAM SABARIMALA CASE

કેરળમમાં, સબરીમાલા સોનાના ગેરરીતિ કેસના આરોપી, ભૂતપૂર્વ દેવસ્વોમ બોર્ડના પ્રમુખ પી.એસ. પ્રશાંતને જામીન આપવામાં આવ્યા છે. કોલ્લમ વિજિલન્સ કોર્ટે અગાઉની જામીન અરજી ફગાવી દીધા બાદ , આરોગ્ય વિષયક કારણોસર જામીન આપ્યા હતા. દરમિયાન, કેરળ હાઈકોર્ટ આ કેસની વિશેષ તપાસ ટીમ , SIT, ની તપાસની પ્રગતિ પર વિચાર કરશે. કેરળ હાઈકોર્ટની દેખરેખ હેઠળ SIT દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી રહી છે.